પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૬ | ૨૭ એપ્રિલ, ૨૦૨૨, બુધવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

એલેન મસ્ક બન્યા ટ્વિટરના નવા માલિક

૪૪ અબજ ડોલરમાં ડીલ : મારા સૌથી ખરાબ ટીકાકારો પણ ટ્વિટર પર રહેશે : એક એપ્રિલના રોજ ઈલોન મસ્કે કંપનીમાં સૌથી વધુ શેર ખરીદી લીધા હોવાનું જાહેર કર્યું હતું. જે બાદ કંપનીના શેરના ભાવમાં જોરદાર તેજી આવી હતી

નવી દિલ્હી,તા.૨૬

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક ટેસ્લાના માલિક ઈલોન મસ્કે આખરે ટ્વિટર ખરીદી લીધું છે. આ ડીલ અંગેની માહિતી કંપની દ્વારા આપવામાં આવી હતી. કંપનીએ કહ્યું કે આ ડીલ ૪૪ બિલિયન યુએસ ડોલર એટલે કે લગભગ ૩૩૬૮ બિલિયન રુપિયામાં કરવામાં આવી છે. લોકપ્રિય સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટરને ખરીદવા માટે ઈલોન મસ્ક સાથેના સોદા વચ્ચે ટ્વિટરે કહ્યું કે એકવાર એક્વિઝિશન પ્રક્રિયા પૂર્ણ થઈ જાય તે પછી તે ખાનગી માલિકીની કંપની બની જશે. આ દરમિયાન ટેસ્લા ચીફનું એક ટ્વિટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. આ ટ્વીટ પછી નિષ્ણાતો માની રહ્યા છે કે બંને કંપનીઓ વચ્ચે ડીલ પૂર્ણ પણે થઈ ગઈ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે દુનિયાના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક ઈલોન મસ્ક ટ્વિટર પર હવે કબ્જો ધરાવે છે. ટ્વિટર ખરીદ્યાના અહેવાલ બાદ ઈલોન મસ્કે ટ્વીટ કર્યું હતું કે "હું આશા રાખું છું કે મારા સૌથી

● અનુસંધાન પાન-૭ પર

પ્રશાંત કિશોરે કોંગ્રેસમાં જોડાવા સ્પષ્ટ ઈન્કાર કર્યો

કોંગ્રેસને મારા કરતાં વધારે મોટાપાયે સુધારા કરી પોતાની નેતાગીરી અને પોતાના માળખાંને સુધારવાની જરૂર છે

નવી દિલ્હી,તા.૨૬

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કોંગ્રેસમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હોવાની માહિતી પક્ષના નેતાઓએ આપી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે સોનિયા ગાંધીએ બનાવેલા એમ્પાવર્ડ એક્શન ગ્રુપમાં જોડાવાનો પ્રશાંત કિશોરે ઈનકાર કર્યો હોવાનું પક્ષના સૂત્રો જણાવી રહ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું છે કે પીકેને એમ્પાવર્ડ ગ્રુપમાં ચોક્કસ જવાબદારી સાથે પદ આપવા માટે ઓફર કરવામાં આવી હતી જેનો તેમણે અસ્વીકાર કર્યો છે.

સુરજેવાલાના ટ્વીટ અનુસાર, પ્રેઝન્ટેશન અને ચર્ચા બાદ કોંગ્રેસના પ્રમુખે એમ્પાવર્ડ એક્શન ગ્રુપ ૨૦૨૪ની રચના કરી હતી, જેમાં જોડાવા માટે પ્રશાંત કિશોરને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમને ચોક્કસ જવાબદારી પણ સોંપવાનો પ્રસ્તાવ હતો. જોકે, તેમણે તેના માટે ઈનકાર કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે, હજુ સોમવારે જ સોનિયા ગાંધીએ આ ગ્રુપની રચનાની જાહેરાત કરી હતી. ઉદયપુરમાં કોંગ્રેસની ૧૩ મેથી ૧૫ મે સુધી ચિંતન શિબિર મળી રહી છે, જેના માટે પણ

સોનિયા ગાંધીએ કેટલીક કમિટિ બનાવી શિબિર માટે તૈયારી શરુ કરી હતી.

પ્રશાંત કિશોરે પોતે પણ આ અંગે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે તેમણે કોંગ્રેસમાં જોડાવાની ઓફર નકારી છે. આગળ તેમણે એમ પણ લખ્યું છે કે કોંગ્રેસને મારા કરતા વધારે મોટાપાયે સુધારા કરીને પોતાની નેતાગીરી અને પોતાના માળખાંને સુધારવાની જરુર છે.

વીજ સંકટ : મુંબઈ-આસપાસના વિસ્તારોમાં અંધારપટ

ભારતમાં છેલ્લા એક માસથી કોલસાનો ક્કળાટ : પાવર કટ થવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી, ભાંડુપ, મુલુંડ, થાણે અને ડોમ્બિવલી નજીકના શહેરોમાં સવારે ૧૦ વાગ્યાની આસપાસ પાવર કટ થયો

મુંબઈ,તા.૨૬

ભારતમાં છેલ્લા એક મહિનાથી કોલસાનો ક્કળાટ ચાલી રહ્યો છે. પાવર પ્લાન્ટો દ્વાર કોલસાનો જથ્થો ઓછો હોવાની અનેક ફરિયાદો સરકારોને કરવામાં આવી છે અને હજી ગરમીનો પારો બરોબર ચઢે તે પહેલાં જ દેશની આર્થિક રાજધાનીમાં વીજસંકટનો એક દાખલો જોવા મળ્યો છે.

મંગળવારે દેશની આર્થિક રાજધાની મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો. પાવર કટ થવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. જોકે મળતા અહેવાલ પ્રમાણે મધ્ય મુંબઈના ભાગો તેમજ મુંબઈના મ્યુનિસિપલ વિસ્તારમાં ભાંડુપ અને મુલુંડ જેવા ઉપનગરો અને થાણે અને ડોમ્બિવલી નજીકના શહેરોમાં સવારે ૧૦ વાગ્યાની આસપાસ પાવર કટ થયા હતા.

આ કાપ એવા સમયે આવે છે જ્યારે રાજ્ય વીજળીની અછતથી ઝઝૂમી રહ્યું છે, જેના કારણે ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ (ડિસ્કોમ)ને કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ફરજિયાતપણે કાપવાની ફરજ પડી રહી છે.

નાણાકીય રાજધાનીમાં સામાન્ય રીતે 'લોડ શેડિંગ' હેઠળ પાવર કટ થતો નથી, પરંતુ તેણે ગત વર્ષે આવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો અને આ વર્ષે હજી આ શરૂઆત છે.

હવે, બ્રિટનમાં નવા રહસ્યમય વાયરસની એન્ટ્રીથી ખળભળાટ

બાળકોમાં હિપેટાઇટીસના કેસ વધ્યા : આરોગ્ય અધિકારીઓ આ બાબતે ખાસ ચિંતિત છે, કારણ કે આ કેસ હેપેટાઈટીસ A, B, C, D અને E વાયરસ સાથે જોડાયેલા નથી

નવી દિલ્હી,તા.૨૬

છેલ્લા કેટલાક સમયથી વિશ્વમાં રોગોનું ચક્ર ચાલી રહ્યું છે. માનવી હજુ સુધી એક રોગનો સામનો કરવામાં પણ સફળ નથી થયો કે બીજો નવો રોગ માથું ઉચકે છે. આ વખતે વિશ્વભરના ડોકટરો અને આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા લોકોના માથે હેપેટાઈટીસના ગંભીર કેસ સામે આવી છે. હેપેટાઈટીસ એ લીવરનો રોગ છે જેમાં લીવરમાં સોજો આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કહે છે કે તાજેતરમાં ૧૩૦ થી વધુ નવા પ્રકારના હેપેટાઈટીસ નોંધાયા છે, જેમાંથી મોટાભાગના બ્રિટનના છે. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં બ્રિટનમાં રહસ્યમય વાયરસથી થતા હેપેટાઈટીસના ૧૦૮ કેસ

● અનુસંધાન પાન-૭ પર

નવનીત રાણાનો ચા-પાણી પીતો વીડિયો મુંબઈ પોલીસ કમિશનરે શેર કર્યો

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેના ઘરની બહાર હનુમાન ચાલીસાનો પાઠ કરવાના મામલામાં સાંસદ નવનીત રાણાની અને તેમના પતિની ધરપકડ કરવામાં આવી છે. તેઓ હાલમાં જેલમાં છે અને સાંસદ નવનીત રાણાએ આરોપ લગાવ્યો હતો કે, પોલીસે મારી જાતિ પર ટિપ્પણી કરી હતી અને પીવાના પાણીનો ભાવ પણ પૂછ્યો નહોતો.

દરમિયાન મુંબઈ પોલીસ કમિશનર સંજય પાંડેએ રાણાના નિવેદનના જવાબમાં સીસીટીવી ફૂટેજનો વિડિયો શેર કર્યો છે. જેમાં નવનીત રાણા ચા અને પાણી પિતા જોઈ શકાય છે. સંજય પાંડેએ સાથે સાથે ટ્વિટ કરીને કહ્યુ છે કે, આ ફૂટેજ જોયા બાદ હવે કશું કહેવાનુ બાકી રહે છે ખરુ.... ઉલ્લેખનીય છે કે, નવનીત રાણાએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને આરોપ મુકયો હતો કે, આખી રાત મને પોલીસે પાણી આપ્યુ નહોતુ.

હવે ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે ત્રણ વેક્સિનને ઈમરજન્સી એપ્રુવલ

દેશની શાળાઓમાં કોરોનાના કેસ વધતાં મહત્વપૂર્ણ પગલું : ત્રણેય વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી મળી : ૧૨ વર્ષથી વધુની ઉંમરવાળા બાળકો માટે ઝાયકોવડીને મંજૂરી મળી છે

નવી દિલ્હી,તા.૨૬

સ્કૂલોમાં કોરોનાના વધી રહેલાં કેસને જોતા સરકારે બાળકો માટે ત્રણ-ત્રણ વેક્સિનને ઈમરજન્સી એપ્રૂવલ આપી છે. ૬થી ૧૨ વર્ષના બાળકો માટે કોવેક્સિનને મંજૂરી આપી દેવામાં આવી છે. હાલ તો કોવેક્સિન પુખ્ત વયના લોકો સિવાય ૧૫થી ૧૮ વર્ષના બાળકોને આપવામાં આવી રહી છે. તો પથી ૧૨ વર્ષના બાળકો માટે કોર્બેવેક્સને મંજૂરી મળી છે. ૧૨ વર્ષથી વધુની ઉંમરવાળા બાળકો માટે ઝાયકોવડીને મંજૂરી મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ને મંગળવારે આ મંજૂરી મળી છે. ત્રણેય વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ડીસીજીઆઈએ ભારત બાયોટેકને કહ્યું કે, પહેલાં બે મહિના સુધી દરેક પંદર દિવસમાં સેફ્ટી ડેટા સબમિટ કરવામાં આવે.

એ પછી ૫ મહિના સુધી સેફ્ટી ડેટા આપવો પડશે.ડીસીજીઆઈએ ૧૨ વર્ષથી વધુ ઉંમર ધરાવતા બાળકો માટે જાયડસ કેડિલાની ઝાયકોવડીને મંજૂરી આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પથી ૧૨ વર્ષની ઉંમરવાળા બાળકો માટે કોર્બેવેક્સને ઈમરજન્સી યૂઝ માટે મંજૂરી આપવામાં આવી છે.

કોર્બેવેક્સને બેલર કૉલેજ ઓફ મેડિસિન અને બાયોલોજીકલ ઈએ સાથે મળીને ડેવલપ કરી છે. ભારતમાં બાયોલોજીકલ ઈ જ એનું ઉત્પાદન કરશે. આ વેક્સિનને એફકસી ૮૦%-૯૦% વચ્ચે છે. મંગળવારે બેલર કૉલેજના પ્રોફેસર પીટર હોટેજે કહ્યું કે, ૧૫ કરોડ ડોઝનો સ્ટોક હાલ ઉપલબ્ધ છે.

● અનુસંધાન પાન-૭ પર

શુભારંભ

બ્રહ્મસમાજના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે

શ્રી બ્રહ્મ એકેડેમી

જેમાં સ્પોકન ઈંગ્લીશ અને બેઝીક કોમ્પ્યુટર (ટેલી, ડી.ટી.પી., એમ.એસ. ઓફીસ, સી.સી.સી. સર્ટીફિકેટ)ના વેકેશન બેચ તથા ધોરણ ૧ થી ૯ના રેગ્યુલર ટ્યુશન ક્લાસીસની બ્રહ્મ સમાજના બાળકો માટે નિ:શુલ્ક વ્યવસ્થા.

ભુદેવ પરિવારોને આ પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે...

: તારીખ / સમય :
તા. ૩/૫/૨૦૨૨, મંગળવાર
(વૈશાખ સુદ-૩) અખાત્રીજ
સવારે ૧૦-૦૦ કલાકે

: સ્થળ :
૧/૨, બ્લ્યુ બેલ એક્સોટિકા
દિયા પાર્ટી પ્લોટની સામે,
ન્યુ વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર

—● આમંત્રિત મહેમાનશ્રીઓ ●—

શ્રી પિનાકીનભાઈ રાવલ (પ્રમુખશ્રી, સમસ્ત બ્રહ્મ સમાજ, ગુજરાત)
શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા (તંત્રીશ્રી, ગાંધીનગર સમાચાર)
શ્રી ડો. સી. જે. ચાવડા (એમ.એલ.એ., ગાંધીનગર)
શ્રી રૂચિરભાઈ ભટ્ટ (પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર ભાજપ)
શ્રી આશિષભાઈ દવે (પૂર્વ ગુડા ચેરમેન)
શ્રી નિશિતભાઈ વ્યાસ (ઉપપ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ)
શ્રી દેવેન્દ્રસિંહ ગોલ (બિલ્ડર, વૈદેહી ગ્રુપ)

—● શુભેચ્છક ●—

નરેશભાઈ દવે, પ્રમુખશ્રી
મુકેશભાઈ શુક્લ, મહામંત્રીશ્રી
શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર

કિષ્નભાઈ જાની, પ્રમુખશ્રી
તુષારભાઈ રાવલ, મહામંત્રીશ્રી
શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર (યુવા પરિવાર)

પ્રવિણાબેન વોરા, પ્રમુખશ્રી
વિમળાબેન અચાયી, મહામંત્રીશ્રી
શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર (મહિલા પાંખ)

—● નિમંત્રક ●—

નિતિનભાઈ ત્રિવેદી, પ્રમુખશ્રી
અતુલભાઈ મહેતા, મહામંત્રીશ્રી

સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર ન્યુ વાવોલ શાખા

બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે,
સ્વ. જશોદાબેન એસ. શ્રીમાળી
સ્વર્ગવાસ પામેલ છે.
સદ્ગતનું બેસણું
તા. ૨૭/૪/૨૦૨૨, બુધવારના
રોજ સવારે ૮ થી ૧૨ કલાકે
નીચેના સ્થળે રાખેલ છે.
ૐ શાંતિ

સ્વ. જશોદાબેન સુખાનંદ શ્રીમાળી

તમે અમને પ્રભુ તરફથી મળેલ અમૂલ્ય ભેટ હતા.
અમે તમને ક્યારેય નહીં ભૂલીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

સરનામું : પ્લોટ નં. ૯૫૧/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર.
મો. ૯૪૨૯૬ ૦૦૧૯૧, ૮૪૯૦૮૪૭૭૯૯

લિ.
સુખાનંદ એચ. શ્રીમાળી

વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. મહેન્દ્રભાઈ ભાવસાર : સ્વ. તા. ૨૭/૪/૨૦૨૧

જીંદગી મળવી એ નસીબને વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે, મૃત્યુ બાદ પણ સૌના હૃદયમાં સદા જીવતા રહેવું એ જીવનમાં કરેલ શુભ કર્મોની વાત છે, ધર્મ અને સત્કર્મને જીવનમાં સ્થાન આપ્યું, આજે પણ મહેકી રહી છે સુવાસ તમારા સદ્ગુણોની, તમારી સ્મૃતિને અમારા શત્ શત્ વંદન

લિ. રોટરી પરિવાર તરફથી

જોઈતાભાઈ પટેલ (પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર-૨૦૦૪-૦૫)
સી. એ. લલિત કે. શર્મા (પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર-૨૦૧૫-૧૬)
જશવંત ગાંધી (પાસ્ટ આસિસ્ટન્ટ ગવર્નર-૨૦૧૮-૧૯)
જતિનભાઈ મહેન્દ્રભાઈ ભાવસાર (પુત્ર)

અમીબેન મયુરભાઈ શાહ (પ્રમુખ, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર)
મનોજકુમાર આર. સરૈયા (પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર)
ગં.સ્વ. સરોજબેન મહેન્દ્રભાઈ ભાવસાર (પત્ની)
જીગર મહેન્દ્રભાઈ ભાવસાર (પુત્ર)